ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



દક્ષા જાદવ



ભરતકુમાર છગનલાલ શાહ
મો. ૯૮૨૪૬ ૧૯૪૫૧



સોમચંદભાઈ પરમાર
મો. ૯૫૩૭૦ ૬૬૪૬૨



નીતાબેન જયેન્દ્રભાઈ સોની
મો. ૯૯૦૪૭ ૭૩૨૨૦



બાબુભાઈ ડી પુરબિયા
મો. ૯૪૨૮૬ ૯૦૮૫૦



નિર્વી રવિ પટેલ
મો. ૯૯૭૪૭ ૬૫૯૫૬



જૈનમ પી ઘેડિયા
મો. ૯૭૧૪૮ ૮૮૨૫૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### ગાંધીનગર શહેરની સરકારી શાળાઓમાં ગુણવત્તા વધારવા માટે

# ‘મારી શાળા મારું ગૌરવ’ પ્રૉજેક્ટનો પ્રારંભ


ગાંધીનગર, તા. ૧૧

કલેક્ટર કચેરી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા શાસનાધિકારીની કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર શહેરની સરકારી પ્રાથમિક શાળાઓને રાજ્યની મૉડેલ પ્રાથમિક શાળા બનાવવા માટે ‘મારી શાળા મારું ગૌરવ’ પ્રૉજેક્ટનો પ્રારંભ જિલ્લા કલેક્ટર સતીષ પટેલ, જીસીઈઆરટી નિયામક ડૉ. ટી એસ જોષી, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ જણાવ્યું હતું કે આપણું પ્રાથમિક શિક્ષણ સરકારી શાળામાં અને આપણાં સંતાનોનું પ્રાથમિક શિક્ષણ ક્યાં? એ વિચાર માગી લેતો પ્રશ્ન છે. ટૂંકા પગારમાં રોજી મેળવતા વાલીઓનાં પાલ્યોને નિઃશુલ્ક પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત થાય તેનાથી ઉત્તમ પુણ્યકાર્ય બીજું કોઈ ન હોઈ શકે.

ડૉ. ટી એસ જોષીએ જણાવ્યું હતું કે શિક્ષકને પોતાના વ્યવસાય પ્રત્યે આત્મગૌરવ હોવું જરૂરી છે. શિક્ષકોમાં અખૂટ શક્તિઓ રહેલી છે. બસ તેને જાગૃત કરવાની જરૂર છે. જેના થકી શહેર વિસ્તારનાં બાળકોનો વિકાસ આપોઆપ થશે, જેનો મને વિશ્વાસ છે.

કલૅક્ટર સતીશ પટેલે જણાવ્યું હતું કે ખાનગી શાળા કરતાં આપણી સરકારી પ્રાથમિક શાળાઓમાં ઉત્તમ સુવિધાઓ છે, ઉત્તમ શૈક્ષણિક લાયકાત અને અનુભવ, આગવી કોઠાસૂઝથી સભર શિક્ષકો આપણી પાસે છે, આપણે બાળકો પાસે શિક્ષણની સાથે-સાથે અન્ય સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ પણ કરાવીએ છીએ, પણ તેનો યોગ્ય પ્રચાર-પ્રસાર ન થવાથી તે લોકો સુધી પહોંચતું નથી.




# રંગોલી ઈન્ટરનૅશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાયો





ગાંધીનગર, તા. ૧૧

રંગોલી ઈન્ટરનૅશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ તાજેતરમાં ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો હતો.

શાળાએ પોતાનો થીમ આધારિત વાર્ષિકોત્સવ યોજવાનો શિરસ્તો આ વર્ષે પણ જાળવી રાખ્યો હતો. આ વર્ષે ‘ફ્લેવર્સ ઑફ બૉલીવૂડ’ થીમ રાખવામાં આવી હતી. આ થીમ અંતર્ગત બાળકોએ ફિલ્મોમાં પ્રદર્શિત દેશભક્તિ, હાસ્યરસ, શૌર્ય રસ, ભક્તિરસ અને પ્રેરણાત્મક સંદેશ આધારિત કૃતિઓ રજૂ કરી હતી. શાળા દ્વારા આયોજિત આઈઆરએસ આઈડોલ સ્પર્ધામાં વિજેતા થયેલાં બાળકોએ સૂફી ગીતો રજૂ કર્યા હતાં. આ ઉપરાંત રંગોલી ગૃપ દ્વારા યોજાતી ક્રિએટીવ મૅરેથોન (ઈન્ટર પ્રિસ્કૂલ સ્પર્ધાઓ)માં વિજેતા થયેલાં શાળાનાં બાળકોને ઈનામ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. પગરવ હૉસ્પિટલના મૅડિકલ ડિરેક્ટર ડૉ. વૈભવ પટેલ, રંગોલી ઈન્ટરનૅશનલ સ્કૂલ, મહેસાણાના ડિરેક્ટર રીકેશ પટેલ અને વાઈસ પ્રિન્સિપાલ દિપક દુબેએ અતિથિપદ શોભાવ્યું હતું. રંગોલી ગૃપના ચૅરમૅન પ્રહર અંજારિયા, ડિરેક્ટર અનામિકા અંજારિયા અને શાળાના ટ્રસ્ટી પ્રણવ સોનીની ઉપસ્થિતિ પ્રોત્સાહક રહી હતી. આચાર્ય ડૉ. અંજુ વર્માએ ઉપસ્થિત વાલીઓ સમક્ષ શાળાની કામગીરી-પ્રવૃત્તિઓનું વાર્ષિક સરવૈયું રજૂ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિપા નિશાદ અને પુજા રોહિલા દ્વારા કરવામાં આવ્યું હતું.

# વેદ સ્કૂલનો વિદ્યાર્થી રાષ્ટ્રકક્ષાએ ઝળક્યો



ગાંધીનગર, તા. ૧૧

પોરબંદર ખાતે આયોજિત રાષ્ટ્રકક્ષાની તરણ સ્પર્ધામાં વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીએ દ્વિતિય ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું છે.

સ્કૂલ દ્વારા આ અંગેની માહિતી આપતાં જણાવવામાં આવ્યું છે કે વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થી સુમિત કે ચૌધરીએ રાષ્ટ્રકક્ષાની આ તરણ સ્પર્ધામાં દ્વિતિય ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું છે. સુમિતે ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ, ૧૦૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોક અને ૧૦૦ મીટર બ્રેક સ્ટોક સ્પર્ધામાં ભાગ લઈને આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. શાળા પરિવાર તરફથી આ વિજેતા વિદ્યાર્થીને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે

# ‘ટૅક્ષટાઈલ ઍન્ડ ફૅશન ડિઝાઈન ઈન ન્યુ ઍરા’ વિષયે નૅશનલ સૅમિનાર

ગાંધીનગર, તા. ૧૧

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના હોમ સાયન્સ વિભાગ તથા ઈન્ટરનૅશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ ફૅશન ડિઝાઈન, ગાંધીનગર દ્વારા ‘ટૅક્ષટાઈલ ઍન્ડ ફૅશન ડિઝાઈન ઈન ન્યુ ઍરા’ વિષયે નૅશનલ સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૅમિનારની ઉદ્‌ઘાટન બેઠકમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના મંત્રી માધુભાઈ ચૌધરી, આઈઍનઆઈઍફડીનાં ઍમડી કિંજલ મકવાણા, પ્રા. અલ્પના શાહ, પરેશ હેન્ડલૂમ, રિદ્રોલના માલિક વિષ્ણુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજનાં ઈન-ચાર્જ આચાર્ય ડૉ. ઊર્મિલા ચૌધરી તથા મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી કાર્યક્રમને શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રથમ બેઠકના વક્તા તરીકે રીમા હાંચીએ ટૅક્ષટાઈલ ડિઝાઈન વિષયે અને ઍસ ઍમ પટેલ કૉલેજ, વિદ્યાનગરનાં પ્રા. અલ્પના શાહે ફૅશન ડિઝાઈન વિષયે વક્તવ્ય આપ્યું હતું. ભોજન વિરામ બાદ આકાર ઍકેડેમીના ભાવેશ ઝાલા દ્વારા વિદ્યાર્થીઓને ટાઈ ઍન્ડ ડાઈની પ્રૉસેસ બતાવવામાં આવી હતી. એ પછી વિદ્યાર્થીનીઓએ જાતે બાંધણીના નમૂના તૈયાર કર્યા હતા.

આ સૅમિનારમાં અમદાવાદ, ભાવનગર, સુરત, વલસાડ, વિરમગામ, ગોધરા, મહેસાણાના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૅમિનારની સફળતા માટે સંયોજક ડૉ. હેમાંગિની ઍસ વાઘેલા, હોમ સાયન્સ વિભાગનાં અધ્યક્ષ પ્રા. પ્રતિમાબેન છનિયારા અને મનિષા ઍમ ચૌધરીએ જહેમત ઊઠાવી હતી.

# આઈઆઈટીઈ દ્વારા પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યાનું સન્માન



ગાંધીનગર, તા. ૧૧

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટીચર ઍજ્યુકેશન, ગાંધીનગર ખાતે શિક્ષણ, સાહિત્ય અને પત્રકારિતાના ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન બદલ ભારત સરકાર દ્વારા દેશના પ્રતિષ્ઠિત સન્માન પદ્મશ્રીથી સન્માનિત વિષ્ણુભાઈ પંડ્યાનું અભિવાદન કરવા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. શશીરંજન યાદવ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિષ્ણુભાઈ પંડ્યાનું અભિવાદન કરતાં જણાવ્યું હતું કે આપના અદ્‌ભૂત પ્રયત્નોને લીધે આજે ગુજરાતમાં પત્રકારિતાના ક્ષેત્રમાં ઘણા કાબેલ વિદ્યાર્થીઓ કામ કરી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ટીચર્સ યુનિવર્સિટી આગામી સમયમાં લુપ્ત થતી ભાષાઓનાં ઉત્થાન માટે એક અભિયાન અંતર્ગત એક પરિયોજના શરૂ કરી રહી છે. આ પરિયોજનાના માર્ગદર્શન માટે તેમણે વિષ્ણુભાઈ પંડ્યાને આમંત્રણ આપ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત વિષ્ણુભાઈ પંડ્યાનું શાલ, સ્મૃતિચિન્હ અને પ્રશસ્તિપત્ર અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાતી સાહિત્યના પ્રમુખ અને લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર ભાગ્યેશભાઈ જહા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે વિષ્ણુભાઈ પંડ્યા વ્યક્તિ નથી, પરંતુ એક સંસ્થા છે. તેમનું સન્માન રાષ્ટ્રીય સ્તરે નામના પામેલી ટીચર્સ યુનિવર્સિટી દ્વારા થાય છે ત્યારે તે ફક્ત વિષ્ણુભાઈ પંડ્યાનું જ નહીં, પરંતુ આપણા સહુનું સન્માન અને ગૌરવ છે.

વિષ્ણુભાઈએ યુનિવર્સિટી પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરતાં વિદ્યાર્થીઓને સરદાર પટેલ જેવા નીડર અને સ્પષ્ટ વક્તા થવા પ્રેર્યા હતા. પત્રકારનો શબ્દ અસામાન્ય હોય છે એ વાત વિદ્યાર્થીઓને સમજાવતાં તેમણે મેઘાણીની કવિતાનું પઠન કર્યું હતું અને જણાવ્યું હતું કે પત્રકારનો શબ્દ તેજે મઢ્યો હોય છે.

આ પ્રસંગે આઈઆઈટીઈના વિદ્યાર્થીઓએ વિષ્ણુભાઈ પંડ્યાના જીવન અને લેખન આધારિત મૉનોલૉગ, વાચિકમ, નૃત્ય અને બ્લૉગ રિડીંગ જેવી કૃતિઓ રજૂ કરીને અતિથિઓ, શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.



ઍસ જી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે માતાપિતાને કેવી રીતે મદદ કરવી તે અંગે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માતાપિતાને કરવી જોઈએ તેવી નાની-નાની મદદની વિગતે સમજૂતી આપવામાં આવી હતી.

### સૅક્ટર-૮ ખાતે કાર્યરત

# સરકારી પ્રાથમિક શાળાનો વાર્ષિક રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૮ ખાતે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રત્યેક ધોરણના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાના સુંદર રમત કૌશલનું પ્રદર્શન કર્યું હતું.

| ધોરણ | રમત | વિજેતા વિદ્યાર્થી |
|---|---|---|
| ઍસટીપી | દેડકાં દોડ | રાહુલ ગટુભાઈ હરિજન |
| | રૂમાલ દાવ | સંધ્યા ઉમેશજી ઠાકોર |
| ૧ | મણકા પરોવ | ભવ્યરાજ યુ ઝાલા |
| | લીંબુ ચમચી | રિતિશા કે ગોહિલ |
| ૨ | લંગડી દોડ | જયદિપસિંહ પી સોલંકી |
| | સંગીત ખુરશી | વસીમખાન ઍચ બલોચ |
| ૩ | અંધો કી તાલી | તમન્ના જે દંતાણી |
| | મણકા ફેંક | વિશાલ ઍચ ભટાર |
| ૪ | ત્રિપગી દોડ | યોગેશ ડી પરમાર |
| | ફુગ્ગા ફુલાવ | રૂપેશ વી ઠાકોર |
| | સૉય-દોરો | હેતવી એ ડામોર |
| ૫ | અંધો કા તિલક | કૃણાલ એમ બિહોલા |
| | સિંહાસન બેઠક | રીના એચ વાદી |
| | આંધળા ઓળખ | નીતુ બી પુરોહિત |
| ૬ | કોથળા દોડ | કનુ તેજાભાઈ ભરવાડ |
| | લાંબી કૂદ | રમેશ સાજનભાઈ ભરવાડ |
| ૭ | લૂલીયો પાડો | જયેન્દ્રસિંહ એ ડાભી |
| | ભૂખ્યાં પક્ષી | પરબત ઍમ ભરવાડ |
| | બટાટાં વીણ | ધર્મેશ જીલુભાઈ દેતોજી |
| ૮ | કૂકડા ફાઈટ | ગૌતમ કે ગોહિલ |
| | સ્લો સાઈકલ | વિશાલ મનુજી ઠાકોર |
| શિક્ષકો | ભૂખ્યાં પક્ષી | રમીલાબેન કે મકવાણા |
| | સિંહાસન બેઠક | દિલીપભાઈ એ વાઘેલા |



ગાંધીનગર લાયોનેસ ક્લબ દ્વારા સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે જાદુના શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૅક્ટર-૧૩ તથા સૅક્ટર-૭ની સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમ માણીને આનંદ પ્રાપ્ત કર્યો હતો. જાદુગર અશ્વિન શાહે અવનવા જાદુના ખેલ બતાવી વિદ્યાર્થીઓને ગેલમાં લાવી દીધા હતા. તેમણે વિદ્યાર્થીઓને કાગળમાંથી અવનવાં રમકડાં બનાવતાં પણ શીખવ્યું હતું.

લાયનેસ પ્રમુખ દેવલબેન જોષી, સૅક્રેટરી મિતલ રાણાને આ આયોજનમાં આચાર્ય, શિક્ષક ગણનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

## ડાયરેક્ટ ❤ સે

શબ્દો બની
અમે પુસ્તકમાં મળીશું
ખુશ્બુ બની
અમે ફૂલોમાં મળીશું
જ્યારે પણ યાદ કરશો હૃદયથી
મધુર સ્મિત બની
તમારા ચહેરા પર મળીશું

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
જૉલી ઍલઍલબી-૨
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૦

**સ્ક્રીન-૩**
રૅસિડેન્ટ ઍવિલ (૩ડી, અંગ્રેજી)
૭.૪૫
જૉલી ઍલઍલબી-૨
૨.૦૦, ૫.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
ધંત્યા (ગુજરાતી)
૧.૦૦
કુંગ ફુ યોગા
૪.૦૦
દંગલ
૬.૪૫
ઠન ઠન ગોપાલ (ગુજરાતી)
રાત્રે ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
જૉલી ઍલઍલબી-૨
સવારે ૧૦.૦૦
કાબિલ
૧૨.૪૫, ૬.૩૦
રઈસ
૩.૩૦, ૯.૪૫

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**‘મારી યાદગાર સ્કૂલ’**